# દિવાળી તથા નૂતન વર્ષનાં શુભમુહૂર્તો સંવત ૨૦૮૧-૨૦૮૨

### દશેરા - વિજયાદશમી

સંવત ૨૦૮૧ના આસો સુદ-૧૦ તારીખ- ૨/૧૦/૨૫ ગુરુવાર શુભ સમય સવારે ૬-૩૫થી ૮-૦૦ કલાક, ૧૧-૦૦ થી ૩-૦૦ કલાક સુધી

આસો સુદ-૧૫ પૂનમ, શરદપૂર્ણિમા તારીખ વ્રતની પૂનમ- ૬/૧૦/૨૫ સોમવાર

### પુષ્ય નક્ષત્ર - મંગળવાર, તા.૧૪/૧૦/૨૦૨૫

ચોપડા નોંધાવવા, સોનું-ચાંદી મુદ્રા-વિ. ખરીદવા માટે આસો વદ - ૮ શુભ સમય- સવારે ૧૨.૧૦ થી ૧.૫૫ સુધી, બપોરે ૩.૨૫ થી ૪.૫૨ સુધી, સાંજે - ૭.૨૭ થી ૯.૨૫ સુધી, મોડી રાત્રે ૧૦.૪૫ થી ૩.૧૫ સુધી, બુધવાર, તા. ૧૫/૧૦/૨૦૨૫ સવારે ૧૧.૫૦ સુધી પુષ્ય નક્ષત્ર રહે છે.

### રમા એકાદશી (અગિયારસ) શુક્રવાર, તા. ૧૭/૧૦/૨૦૨૫

આ જ દિવસે બપોરે ૧૨ વાગ્યા સુધી અગિયારસ.

### વાક્ બારસ શુક્રવાર, તા. ૧૭/૧૦/૨૦૨૫

બપોરે ૧૨ પછી વાક્ બારસ થાય છે.

### ધનતેરસ - શનિવાર, તા.૧૮/૧૦/૨૦૨૫

બપોરે ૧૨.૩૦ પછી ધનતેરસ. સોનું-ચાંદી ખરીદવા શુભ મુહૂર્ત. શ્રી લક્ષ્મીપૂજન - ધનપૂજા - શનિ પ્રદોષ સાથે શુભ છે. શ્રી મહાલક્ષ્મી પૂજા-હવન વિ. કરવા માટે શુભ છે. શુભ સમય બપોરે ૧૨.૩૫ થી ૪.૪૧ સુધી શુભ, પછી સાંજે ૬.૧૨ થી ૭.૫૨ સુધી, રાત્રે ૯.૧૨ થી મોડી રાત્રે ૧.૫૫ સુધી, મળસ્કે - ૫.૧૦ થી ૬.૪૦ સુધી.

### કાળી ચૌદસ - રવિવાર, તા. ૧૯/૧૦/૨૦૨૫

બપોરે ૧.૩૫ પછી ચૌદસ તિથિ છે, જે સોમવારે બપોરે ૩.૩૯ સુધી પહોંચે છે. આ દિવસે શ્રી હનુમાનજીના પૂજા પાઠ, શ્રી મહાકાલી માતાની પૂજા - હવન વિ. કરવાથી અશુભ દૃષ્ટિ નકારાત્મક શક્તિનું નિવારણ થાય છે. શ્રી હનુમાનજીના મંદિરે દર્શન કરવાં, ઘર, દુકાન, ફેક્ટરી, વ્યાપારની જગ્યાએ શ્રી હનુમાનજીના મંદિરેથી લીંબુ મરચાં લાવી બહાર દરવાજા પર લગાવવાં. આ દિવસે દર મહિનાની શિવરાત્રી છે- મહાદેવજીના રુદ્રી અભિષેક-પૂજા કરવાં શુભ છે.

### શુભ દીપાવલિ - સોમવાર, તા.૨૦/૧૦/૨૦૨૫

શારદાપૂજન, ચોપડાપૂજન, શ્રીલક્ષ્મીપૂજન વિ. શુભ કાર્ય માટે શુભ સમય. બપોરે ૩.૩૯ પછી પ્રદોષ વ્યાપિની અને નિશીથકાળ સાથે અમાવાસ્યા થતી હોવાથી પૂજન શાસ્ત્રશુદ્ધ છે. બપોરે ૩.૪૧ થી ૬.૧૫ સુધી સાંજે ૬.૧૮ થી ૮.૦૫ સુધી પ્રદોષકાળ અને વૃષભ લગ્ન સ્થિર લગ્ન સાથે ૬.૧૮ થી ૭.૫૫ થી ૮.૪ સુધી, કુંભ સ્થિર નવમાંશ ૮.૪૨ થી ૮.૫૬ સુધી, મોડી રાત્રે ૧૦.૪૧ થી ૧૨.૧૫ સુધી, પછી ૧.૪૧ થી ૫.૫૫ મળસ્કે સુધી.

નોંધ - ધર્મસિંધુમાં પણ વચન છે કે પ્રદોષ સમયે દીપદાન, શ્રી લક્ષ્મીપૂજન-શારદાપૂજન ઇત્યાદિ કરવાં. તેમાં સૂર્યોદયને વ્યાપીને સૂર્યાસ્ત પછી એક ઘડી કરતાં વધારે અમાસ હોય તો સંશય વિના તે દિવસે દીપાવલી મનાવવી શુભ છે. મંગળવાર, તા.૨૧/૧૦/૨૫ અમાવસ્યા સાંજે ૫.૩૫ સુધી છે.

### નૂતન વર્ષ (બેસતું વર્ષ) - બુધવાર, તા. ૨૨/૧૦/૨૦૨૫

કારતક સુદ - ૧ વિક્રમ સંવત - ૨૦૮૨ પિંગલ નામ સંવત્સર-મહાવીર જૈન સંવત્સર પ્રારંભ-૨૫૫૨ - તથા શ્રી ગોવર્ધન પૂજા- અન્નકૂટ, નવા વર્ષે દર વર્ષના નિયમ પ્રમાણે મુહૂર્ત, દુકાન, ફેક્ટરી, કંપની, ઓફિસ વિ. માટે શુભ મુહૂર્ત સવારે ૬.૩૫ થી ૯.૪૦, ૧૦.૫૫ થી ૧૨.૩૫ સુધી, બપોરે ૩.૩૦ થી ૫.૦૦ સુધી, ૫.૦૦ થી ૬.૩૦ સાંજે.

### ભાઈબીજ - ગુરુવાર - ૨૩/૧૦/૨૦૨૫

વિંછુડો પ્રારંભ ૨૩/૧૦/૨૫ રાત્રે ૧૦.૭ થી અને ઊતરશે ૨૬-૧૦-૨૫ સવારે ૧૦.૪૭ રવિવાર.

### લાભ પાંચમ - રવિવાર, ૨૬/૧૦/૨૦૨૫

શુભ મુહૂર્ત સવારે ૮ થી ૧૨.૩૦, બપોરે ૨ થી ૩.૩૫, સાંજે ૬.૩૫ થી ૧૦.૫૦ સુધી રાત્રે

### શ્રી જલારામ જયંતી - બુધવાર, ૨૯/૧૦/૨૦૨૫

શુભ દિવસ છે.

### અક્ષય નોમ - શુક્રવાર, ૩૧/૧૦/૨૦૨૫

શ્રીરંગનાથ જયંતી (નારેશ્વર), શ્રી હરિ જયંતી

### દેવઊઠી એકાદશી - રવિવાર, તા.૨/૧૧/૨૦૨૫

પ્રબોધિની એકાદશી-ભાગવત એકાદશી, કારતક સુદ ૧૧ પંઢરપુર યાત્રા.

### દેવ દિવાળી - બુધવાર, તા.૫/૧૧/૨૦૨૫

કારતક સુદ પૂનમ તુલસીવિવાહ સમાપ્ત , પુષ્કરમાં મેળો (અજમેર) - શ્રી ગુરુનાનકજયંતી

### ધનારક કમુહૂર્તા

તા.૧૫/૧૨/૨૦૨૫ થી મોડી રાતથી
તા. ૧૪/૦૧/૨૦૨૬ સુધી ગુજરાતમાં લગ્ન મુહૂર્ત આવતાં નથી.

### હોળાષ્ટક

તા.૨૩/૦૨/૨૦૨૬ થી તા. ૨/૦૩/૨૦૨૬ લગ્નમુહૂર્ત આવતાં નથી.

નૂતન વર્ષની શુભેચ્છા — શાસ્ત્રી નયનભાઈ જોષી, પરમહિત ધામ, ચાંણોદ

## BLF દ્વારા સંદેશ - જ્ઞાન, સંસ્કૃતિ, સંગાથ અને સમર્થન સાથે નવરાત્રિની ઉજવણી

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા, 4 ઓક્ટોબર 2025 - બિલિયન લાઇવ્સ ફાઉન્ડેશન (BLF) એ આ વર્ષે નવરાત્રીને ખાસ અને અર્થસભર રીતે ઉજવી. સંસ્થા દ્વારા સાંસ્કૃતિક ઉત્સવ સાથે જીવનમૂલ્ય આધારિત શિક્ષણ અને સમાજસેવાનું સંયોજન કરવામાં આવ્યું, જેથી તહેવારો સાચા અર્થમાં સર્વસમાવેશક અને યાદગાર બને.

નવરાત્રીના મહત્ત્વને પ્રસૃત કરવા માટે ફાઉન્ડેશન દ્વારા ૮ શાળાઓ, વડોદરાના ૨ ઝૂંપડપટ્ટી વિસ્તારો અને નજીકના ગામની શાળાઓમાં વિશેષ સત્રો યોજાયા. વિદ્યાર્થીઓને નવરાત્રીના દરેક દિવસનું મહત્વ અને પૂજનીય દેવી વિશે માહિતગાર કરવામાં આવ્યા. સાથે જ, નવરાત્રીમાંથી શીખી શકાય તેવી જીવનમૂલ્યો - જેમ કે શૌર્ય, ભક્તિ, શિસ્ત અને કરુણા - પોતાના જીવનમાં કેવી રીતે ઉતારવા તે બાબતે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું.

વળી, વડોદરાના શ્રમ મંદિર ટ્રસ્ટ ખાતે બાળકો સાથે આરતી થાળી ડેકોરેશન એક્ટિવિટી પણ આયોજિત કરવામાં આવી, જેમાં બાળકોએ પોતાની રચનાત્મકતા દર્શાવીને સુંદર આરતી થાળીઓ બનાવ્યાં અને ઉત્સાહપૂર્વક આનંદ માણ્યો હતો. શહેરની શાળાઓ અને બાળ પ્રવૃત્તિઓથી આગળ વધીને, ફાઉન્ડેશન દ્વારા સમાજના વિવિધ વર્ગો સાથે નવરાત્રીની ઉજવણી કરવામાં આવી હતી. અપના ઘર વૃદ્ધાશ્રમ,




વડોદરા ખાતે વડીલો સાથે ગરબા ઉજવાયો, જ્યાં વૃદ્ધોએ પરિવાર સાથેની મીઠી યાદોને ફરી જીવંત કરી અને નવા સંગાથ સાથે ખુશીના પળો રચી હતી.

BLF દ્વારા 'પ્રોજેક્ટ દેવી આરાધના, ૨૦૨૫' અંતર્ગત વડોદરા નજીકના મોટી સંખ્યાડ ગામમાં નવરાત્રીની વિશેષ ઉજવણી કરવામાં આવી. આ પહેલનો હેતુ માતા શક્તિની ઉપાસનાને સેવા અને સમર્થનનો આધાર પૂરો પાડવાનો હતો.

સાંસ્કૃતિક ઉત્સવ: મોટી સંખ્યાડ ગામમાં ગ્રામજનો માટે ગરબાનું આયોજન કરવામાં આવ્યું, જેણે સૌને એકતાના તાંતણે જોડ્યા.

નારી શક્તિને સમર્થન: 'પ્રોજેક્ટ દેવી આરાધના' ના ભાગરૂપે, ફાઉન્ડેશન દ્વારા ગામની ૨૦૦ કિશોરીઓ અને ૩૬ વિધવા બહેનોને કિટ્સનું સન્માનપૂર્વક વિતરણ કરવામાં આવ્યું.

મગરસ્વામી આશ્રમ પાસે ડ્રેનેજ લીકેજથી પાણી દૂષિત થયું

# વડોદરા મહાપાલિકાના વોર્ડ 6માં દૂષિત પાણી અને લો પ્રેશરથી નાગરિકો પરેશાન

**પાણી** પુરવઠા વિભાગે અલગ અલગ ટીમો બનાવી વિસ્તારમાં સ્થળ તપાસ શરૂ કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા શહેરના વોર્ડ નંબર 6 માં છેલ્લા બે દિવસથી નાગરિકોને પાણી પુરવઠાની ગંભીર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. દૂષિત પાણી આવવું અને લો પ્રેશરથી પાણી મળવું જેવી ફરિયાદો ઉઠતા નાગરિકોએ હલ્લાબોલ કર્યો હતો. હવે આ મામલે પાલિકાના પાણી પુરવઠા વિભાગે તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, મગરસ્વામી આશ્રમ નજીક આવેલી ડ્રેનેજ લાઈનમાં લીકેજ હોવાનું સામે આવ્યું છે. લીકેજના કારણે પીવાના પાણીમાં ગટરનું પાણી મિશ્રિત થવાથી નળોમાં દૂષિત પાણી આવી રહ્યું હોવાનું જણાયું છે. જેના લીધે આસપાસના વિસ્તારોમાં રહેવાસીઓમાં ભારે અસંતોષ છે. નાગરિકોએ જણાવ્યું હતું કે પીવાનું પાણી સતત ગંદું આવતું હોવાથી તેઓએ મ્યુનિસિપલ કોર્પોરેશનને વારંવાર રજૂઆત કરી હતી. બીજી તરફ, નરસિંહ ટેકરી વારસિયા રોડ વિસ્તારમાં છેલ્લા એક મહિનાથી બીજા માળે પાણી ન પહોંચતું હોવાની ફરિયાદો મળી છે. આ વિસ્તારોમાં રહેતા લોકો ખાસ કરીને મહિલાઓએ જણાવ્યું હતું કે, દરરોજ પાણી માટે ભારે તકલીફો સહન કરવી પડે છે. પાણી પ્રેશર ઓછું હોવાથી રોજિંદા કામકાજમાં મુશ્કેલીઓ ઉભી થઈ રહી છે.

પાલિકાના પાણી પુરવઠા વિભાગની અલગ અલગ ટીમે આજે બંને વિસ્તારોની મુલાકાત લીધી હતી. મગરસ્વામી આશ્રમ નજીક ડ્રેનેજ લીકેજની હકીકતની પુષ્ટિ થઈ છે. ડ્રેનેજ લીકેજને કારણે ગંદુ દૂષિત પાણી ઉભરાઈને બહાર રોડ પર પણ ફરી વળ્યું છે. જો કે, આ ડ્રેનેજ લીકેજ મામલે હજુ કોઈ કાર્યવાહી થઈ નથી. સાથે જ વારસિયા રોડ વિસ્તારમાં પાણી પ્રેશર સુધારવા તકનીકી ચકાસણી હાથ ધરવામાં આવી છે. વિભાગના અધિકારીઓએ આશ્વાસન આપ્યું છે કે આગામી દિવસોમાં સમસ્યાનું સમાધાન લાવી નાગરિકોને પૂરતું અને શુદ્ધ પાણી પૂરું પાડવા જરૂરી પગલાં લેવાશે.

### રહેવાસીઓએ જ વરસાદી લાઇનમાં કાણા પાડતાં ડ્રેનેજ ચોકઅપ

વિસ્તારના લોકો સપોટિવ નથી. વરસાદ સમયે પાણી ભરાવવાની અહીં સમસ્યા સર્જાય છે. કોર્પોરેશનમાં રજૂઆત કરવાને બદલે સ્થાનિકોએ જાતે જ વરસાદી લાઇનમાં મોટા મોટા કાણા પડી દીધા હતા. જેને પગલે અહીં વરસાદી પાણીની સાથે માટી સહિતનો કચરો જમા થવાથી ડ્રેનેજ લાઇન ચોકઅપ થઈ અને આ સમસ્યા સર્જાઈ છે. છેલ્લા 15 દિવસથી અમે સતત કામગીરી કરી રહ્યા છીએ. વચ્ચે ફરી વરસાદ વરસતા કામગીરી અટકી હતી. બે દિવસમાં કામ પૂર્ણ થાય તેવા પ્રયાસો કરીશું. **- સંજય રાઠવા,** એડિશનલ આસિસ્ટન્ટ ઇજનેર, ડ્રેનેજ, વોર્ડ 6

### સમારકામ બાદ પ્રેશરથી પાણી મળવા લાગ્યું

ફરિયાદ બાદ ટીમો બનાવી કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં કેટલાક વાલ્વ લીકેજ હતા. સમારકામ બાદ હવે વિસ્તારમાં પૂરતા પ્રેશર સાથે પાણી મળવાનું શરૂ થયું છે. **- હેમલ રાઠોડ,** કાર્યપાલક ઇજનેર, પાણી વિતરણ

# ગુજરાતમાં ધોરણ 9થી 12ની પ્રથમ સત્રની પરીક્ષાનો પ્રારંભ

**વડોદરામાં** વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા કુમકુમ તિલક કરી અપાઈ શુભેચ્છાઓ

(પ્રતિનિધિ) વડોદરા તા.3

ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા નવા કાર્યક્રમ અનુસાર ધોરણ 9 થી 12 સુધીના વિદ્યાર્થીઓની પ્રથમ સત્રાંત પરીક્ષા આજથી રાજ્યભરમાં શરૂ થઈ છે. આ પરીક્ષાઓ 13 ઓક્ટોબર સુધી ચાલશે અને તેમાં આશરે 22 લાખથી વધુ વિદ્યાર્થીઓ ભાગ લેશે. રાજ્યભરની 12 હજારથી વધુ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આ પરીક્ષાનું આયોજન કરાયું છે.

બોર્ડના એકેડેમિક કેલેન્ડર મુજબ આ પરીક્ષાઓ અગાઉ 11 સપ્ટેમ્બરથી 22 સપ્ટેમ્બર દરમિયાન યોજાવાની હતી. પરંતુ, સ્કૂલોની રજૂઆતોને ધ્યાનમાં રાખીને બોર્ડે કાર્યક્રમમાં ફેરફાર કર્યો હતો. 28 જુલાઈના રોજ બોર્ડે જિલ્લા શિક્ષણાધિકારીઓને પરિપત્ર મોકલીને નવો સમયપત્રક જાહેર કર્યો હતો, જેના આધારે પ્રાથમિક શાળાઓની પરીક્ષાઓ સાથે ધોરણ 9થી 12ની પરીક્ષાઓ પણ કોમન રીતે યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ કારણે પરીક્ષાઓ નવરાત્રીની રજાઓ બાદ શરૂ કરવામાં આવી છે.

નવા કાર્યક્રમ મુજબ આ પરીક્ષામાં વિદ્યાર્થીઓને જૂનથી સપ્ટેમ્બર સુધીનો અભ્યાસક્રમ આવરી લેવામાં આવ્યો છે. પરીક્ષાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તેનું પરિણામ દિવાળી બાદ જાહેર થશે. આજે વડોદરાની વિવિધ શાળાઓમાં પરીક્ષાનો પ્રારંભ થયો ત્યારે વિદ્યાર્થીઓનું પરંપરાગત રીતે સ્વાગત કરવામાં આવ્યું હતું. શિક્ષકોએ પરીક્ષાર્થીઓને કુમકુમ તિલક લગાવી, મોં મીઠું કરાવ્યું અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. પરીક્ષાનું વાતાવરણ ઉત્સાહભર્યું અને વિશેષ રીતે ઉજવણી જેવું બન્યું હતું. પ્રાથમિક શાળાઓની પ્રથમ સત્રાંત પરીક્ષાઓ પણ જીસીઈઆરટી દ્વારા બહાર પાડવામાં આવેલા કોમન ટાઈમ ટેબલ મુજબ 6 ઓક્ટોબરથી શરૂ થવાની છે.

# ઉત્તરસંડાની હોટલમાં યુવતી પર વડોદરાના યુવકે દૂષ્કર્મ ગુજાર્યું

**ટીવી** સિરિયલમાં કામ અપાવવાની લાલચ આપી મહારાષ્ટ્રની યુવતીને બોલાવી હતી

**યુવક** હાર્દિક પરીખ સામે વડતાલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી

(પ્રતિનિધિ) આણંદ તા.3

નડિયાદના ઉત્તરસંડા પાસે આવેલી હોટલમાં મહારાષ્ટ્રની યુવતી પર દૂષ્કર્મ ગુજારવાનો બનાવ બન્યો હતો. આ અંગે તપાસ કરતાં મોડેલીંગનું કામ કરતી યુવતીને ટીવી સિરિયલમાં કામ અપાવવાની લાલચ આપી વડોદરાના નરાધમે દુષ્કર્મની હેવાનીયત આચરી હતી. આ અંગ વડતાલ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યાનુસાર, મહારાષ્ટ્રના રાયગઢ બદલાપુરની યુવતી મોડેલીંગના વ્યવસાય સાથે સંકળાયેલ હતી. આ દરમિયાન યુવતી ટેલિફોન દ્વારા હાર્દિક પરીખ (રહે.વડોદરા)ના સંપર્કમાં આવી હતી. બાદમાં હાર્દિકે મિત્રો પાસેથી મોડેલનો નંબર લીધો હતો. બાદમાં યુવતીને ટેલિફોનના માધ્યમથી ટીવી સીરીયલમાં કામ અપાવવાની લાલચ આપી ભોળવતો હતો. દરમિયાનમાં હાર્દિકે યુવતીને ઉત્તરસંડાની હોટલ પર બોલાવી હતી. આ મુલાકાતના સમયગાળામાં હાર્દિકે મટીંગ કરવાની છે, તે ઈસમને આવતા વાર થશે. તેમ કહીને ડિનરનો પ્લાન કર્યો હતો. બાદમાં ડિનર સાથે પોતાની પાસે રહેલા ઠંડા પીણાની બોટલમાંથી પીણું યુવતીને પીવડાવ્યું હતું. જે પીધા બાદ યુવતી બેભાન થઇ ગઇ હતી. તે સ્થિતિમાં હાર્દિકે તેનો ફાયદો ઉઠાવી બદઈરાદો પાર પાડયો હતો અને યુવતી સાથે દુષ્કર્મ આચર્યુ હતુ. આ અંગે ભોગ બનેલી યુવતીએ હાર્દિક પરીખ (રહે.વડોદરા) સામે વડતાલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી તપાસની માગણી કરી હતી.

દબાણ શાખાની ટીમ આવતા જ વેપારી રોડ પર સૂઈ જઈ ઉગ્ર વિરોધ

# 'પસીનો પાડીને પૈસા કમાઈએ તો ય ખાવા નથી દેતા; વેપાર ન કરીએ તો શું ચોરી કરીએ?'

**અધિકારીએ** કહ્યું- માત્ર ગંદકી ન કરવાની સૂચના આપવા ગયા હતા

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા શહેરના કમાટીબાગ ગેટ સામે દબાણ શાખાની ટીમની કાર્યવાહી દરમિયાન એક છૂટક વેપાર કરતા વેપારીએ રોડ પર સૂઈ જઈને ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ વેપારીએ રોષ સાથે સવાલ કર્યો હતો કે, "વેપાર ન કરીએ તો શું કરીએ, ચોરી કરીએ? મહેનત કરી ખાઈએ છીએ તો પણ ખાવા નથી દેતા." આ ઘટનાના પગલે થોડા સમય માટે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી, જેને બાદમાં સમજાવટથી દૂર કરવામાં આવી ટ્રાફિક સમસ્યા ઉકેલાઈ હતી.



શહેરમાં અવારનવાર ટ્રાફિકને અડચણરૂપ ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કાર્યવાહી દબાણ શાખા દ્વારા કરવામાં આવે છે. આજે કમાટીબાગ ગેટ નંબર બે પાસે દબાણ શાખાની ટીમ પહોંચતા જ છૂટક વેપાર કરતા વેપારીઓમાં દોડધામ મચી ગઈ હતી. આ દરમિયાન એક વેપારીએ પોતાની વેદના અને રોષ વ્યક્ત કરતા કહ્યું કે, "અમે ક્યાં જઈએ? ધંધો નથી કરવા દેતા તો શું ચોરીઓ કરવા જઈએ? મહેનત કરીને, પસીનો પાડીને ખાઈએ છીએ તો પણ ખાવા નથી દેતા. માણસ કંટાળી જાય તો શું કરે, મરી ન જાય તો શું કરે?" વેપારીએ દબાણ શાખાના કર્મચારી દ્વારા પોતાનો સામાન ફેંકી દેવામાં આવતા ઉગ્ર બોલાચાલી બાદ વિરોધ કરવા માટે જાહેર રોડ પર સૂઈ જઈને આખો રસ્તો માથે લીધો હતો.

રોજ કમાઈને રોજ ખાનાર આ વેપારીઓનો સ્પષ્ટ આક્ષેપ છે કે તેમને અહીંયા ધંધો કરવા દેવામાં આવ તો નથી અને અવારનવાર હેરાન-પરેશાન કરવામાં આવે છે.

જો કે, આ બનાવ અંગે દબાણ શાખાના અધિકારી ચિરાગ શાહએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, તેમની ટીમ વેપારીનો સામાન જપ્ત કરવા નહીં, પરંતુ કમાટીબાગ ગેટ સામે અવારનવાર થતી ગંદકી ન કરવા માટે માત્ર સૂચના આપવા ગઈ હતી. અધિકારીના જણાવ્યા મુજબ, સૂચના આપતી વખતે વેપારી એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને જાતે જ સામાન વેરવિખેર કરીને રોડ પર સૂઈ ગયા હતા. તેમણે એમ પણ જણાવ્યું કે આ વેપારીએ અગાઉ પણ એકવાર આવું વર્તન કર્યું હતું. આ વિરોધને કારણે ટ્રાફિક જામ સર્જાયો હતો, પરંતુ બાદમાં સમજાવટથી વેપારીને હટાવી દેવામાં આવ્યો હતો.

આર્ટ હિસ્ટ્રી બિલ્ડિંગમાં રિપેરિંગ કામ દરમિયાન ઘટના બની

# મ.સ.યુનિ.ની ફાઈન આર્ટ્સ ફેકલ્ટીમાં ત્રીજા માળેથી પગ લપસતા શ્રમિક નીચે પટકાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા શહેરની પ્રતિષ્ઠિત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (MSU)ની ફાઇન આર્ટ્સ ફેકલ્ટીમાં આજે એક ગંભીર અકસ્માત બનતાં ચકચાર મચી ગઈ હતી. આર્ટ હિસ્ટ્રી બિલ્ડિંગમાં ચાલી રહેલી રિપેરિંગ કામગીરી દરમિયાન એક શ્રમિક ત્રીજા માળેથી પગ લપસી જતા સીધો નીચે પટકાયો હતો. ઘટનાને પગલે કેમ્પસમાં હડકંપ મચી ગયો હતો, જ્યારે શ્રમિકને તાત્કાલિક ગંભીર ઈજાઓની સ્થિતિમાં સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, ફાઇન આર્ટ્સ ફેકલ્ટીના આર્ટ હિસ્ટ્રી બિલ્ડિંગમાં ઘણા દિવસોથી મરામત અને રંગરોગાન સહિતનું જાળવણી કામ શરૂ છે. કામકાજ દરમિયાન શ્રમિકો ઊંચાઈ પર બાંધકામના સાધનો સાથે કાર્યરત હતા. એ



દરમ્યાન સલામતીની પૂરતી વ્યવસ્થા ન હોવાની વચ્ચે એક શ્રમિકનું પગ લફસલતા તે ત્રીજા માળેથી સીધો નીચે પટકાયો. આસપાસના લોકો અને સહકર્મચારીઓએ તાત્કાલિક મદદ કરતાં 108 એમ્બ્યુલન્સની મદદથી એને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો. હાલ એમની સ્થિતિ ગંભીર હોવાનું કહેવાય છે.

આ બનાવ પછી ફરી એકવાર એમ.એસ. યુનિવર્સિટીના તંત્ર પર સલામતીના પ્રશ્નો ઊભા થયા છે. કેમ્પસમાં અનેક જગ્યાએ છેલ્લા કેટલાક મહિનામાં મરામત અને બાંધકામના કામો હાથ ધરાયા હોવા છતાં, સુરક્ષા સાધનો, મજૂરોને સેફ્ટી બેલ્ટ, હેલ્મેટ જેવી તકો ઉપલબ્ધ ન હોવાના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. સતત થતા અકસ્માતોની શ્રેણી વિદ્યાર્થીઓ અને સ્ટાફમાં ચિંતા પેદા કરી રહી છે.

ફેકલ્ટીના વિદ્યાર્થીઓ તથા સ્ટાફના સભ્યોએ આ ઘટના બાદ નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, તંત્ર બેદરકારીપૂર્વક કામગીરી હાથ ધરી રહ્યું છે. "દરેક થોડા મહિનામાં કોઈ ને કોઈ અકસ્માત બને છે, છતાં એમાંથી કોઈ પાઠ લેવાતો નથી," એવી ટીકા વિદ્યાર્થીઓએ કરી હતી. સ્થાનિક સ્તરે કામકાજની સુરક્ષા વ્યવસ્થા અંગે મોટી હલચલ સર્જાઈ છે. યુનિવર્સિટીના તંત્રએ ઘટનાની વિગતો મેળવી તપાસ શરૂ કરી હોવાનો દાવો કર્યો છે, પરંતુ કર્મચારીઓના હિત માટે સુરક્ષા પગલાંને પ્રાથમિકતા મળે તેવી માંગ મજૂર સંસ્થાઓ અને સામાજિક સંગઠનો દ્વારા ઉઠાવવામાં આવી છે.

## દાહોદ નગરપાલિકાની આગામી સામાન્ય ચૂંટણી માટે અનામત બેઠકોની ફાળવણી કરાશે

(પ્રતિનિધી) દાહોદ, તા.3

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી દાહોદ જિલ્લાની દાહોદ નગરપાલિકાની આગામી સામાન્ય ચૂંટણી માટે અનામત બેઠકો નિર્ધારિત કરવામાં આવી છે. જેની ફાળવણી આગામી સામાન્ય ચૂંટણી માટે અનામત બેઠકોની ફાળવી કરવામાં આવશે.

દાહોદ નગરપાલિકા માટે ૯ વોર્ડ અને ૩૬ બેઠકો નિર્ધારિત કરવામાં આવી છે. જે પૈકી અનુસૂચિત જાતિની ૨ બેઠકો પૈકી ૧ બેઠક સ્ત્રી માટે અનામત, અનુસૂચિત આદિજાતિની ૬ બેઠક પૈકી ૩ સ્ત્રી માટે અનામત તેમજ પછાતવર્ગની ૧૦ બેઠકો પૈકી ૫ બેઠકો પછાતવર્ગ ની સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવી છે. આમ, સ્ત્રીઓ માટેની અનામત બેઠકની કુલ સંખ્યા ૧૮ છે, જેની જિલ્લા મ્યુનીસિપલ ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી દ્વારા બહોળી પ્રસિદ્ધિ કરવામાં આવે છે.

# ઘોઘંબાની GFL કંપની બંધ કરવા ચૈતર વસાવાની રજૂઆત



(પ્રતિનિધિ) હાલોલ તા.3

થોડા વખત પહેલા ઘોઘંબા તાલુકાના રણજીત નગર માં આવેલી GFL કંપનીમાં ઝેરી ગેસ લીકેજ બનાવ બન્યો હતો તેમાં 12વ્યક્તિ ઘાયલ થયા હતા અને 2 વ્યક્તિઓના દુઃખદ મોત નીપજ્યા હતા અને બીજા ઘણા ખરા ને ગંભીર ઈજાઓ પણ થઈ હતી અને થોડા સમયમાં જ એટલે કે 20 દિવસની અંદર ફરીથી ગેસ લીકેસ થતા કંપનીમાં ભાગદોડ મચી ગઈ હતી અને આજુબાજુના રહીશો નાપણ જીવ તારવે ચોટી ગયા હતા અને હાહા કાર મચી ગયો હતો અને ઈજાગ્રસ્ત વ્યક્તિઓને તાત્કાલિક મેડિકલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સદ નસીબે કોઈ જાનહાની થઈ નહોતી. પરંતુ વારંવાર આ કંપનીમાંથી ગેસ લીકેજ થતા આજુબાજુના રહીશું ગભરાઈ ગયા હતા અને એકઠા થઈ આ મોત ના કોળિયા સમાનGFl કંપનીને બંધ કરવા માટે મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હતા ત્યારે ટોળાને કાબુમાં લેવા માટે પોલીસ તંત્રએ બળ પ્રયોગ કર્યો હતો અને ટોળું વિખેરવામાં આવ્યું હતું . પરંતુ હાલમાં જ ગુજરાત લેવલે જીઓનું નામ ગાજે છે એવા આદિવાસીઓના મસિહા ધારાસભ્ય ચૈત્રર વસાવા પોતે જન મેદની સાથે ગુજરાત ફ્લોરો કેમિકલ્સ લિમિટેડ ઉપર પહોંચ્યા હતા અને ત્યાં તેમને ઘોઘંબા તાલુકાના મામલતદારને GFLકંપની તાત્કાલિક ધોરણે બંધ કરી દેવી અને પોલ્યુશન કંટ્રોલ બોર્ડ તથા લાગતા વળગતા તંત્રોએ એમાં કઈ રીતે ઇન્સ્પેક્શન કર્યા વગર મંજૂરી આપી છે તેનો ખુલાસો કરવો જોઈએ અને ભવિષ્યમાં આવા બનાવ ન બને તે માટે આ પ્રકારની કંપનીઓ બંધ કરવામાં આવે તેવી ધારદાર રજૂઆત તેઓએ તાલુકા મેજિસ્ટ્રેટ મામલતદાર ને કરવામાં આવી હતી અને કંપની અને તંત્રએ ખોટી રીતના બળ પ્રયોગ ન વાપરવો જોઈએ અને આજુબાજુના રહીશોની અને આગેવાનોની વાત પણ ધ્યાનથી સાંભળવી જોઈએ જેથી કંપનીથી આજુબાજુ વસતા લોકોને શું તકલીફ પડે છે તેનું પણ કંપની અને તંત્રને ભાન રહે માટે આ પ્રકારની કંપનીઓ જે ઝેરી ગેસ ઉત્પન્ન કરતી હોય એવી કંપનીઓ હાલ પૂરતી તાત્કાલિક ધોરણે બંધ કરવી જોઈએ તેવી ધારાસભ્ય ચૈતર વસાવા તેમજ સ્થાનિક લોકોએ મામલતદારને માગણી મૂકી હતી.


બાંબૂ ફાયબરના ઉપયોગથી કોંક્રિટની ક્ષમતા થાય છે વૃદ્ધિ

# વડોદરાના નાયબ કાર્યપાલક ઈજનેર રાજેશ્વરી નાયરના સંશોધનપત્રની આંતરરાષ્ટ્રીય સ્તરે થઇ પસંદગી

**સિવિલ** એન્જીનિયરિંગ કોન્ફરન્સ ઇન ધ એશિયન રિજિયનમાં સસ્ટેનબલ ડેવલપમેન્ટ વિભાગમાં સમગ્ર ભારતમાંથી એક માત્ર સંશોધનની પસંદગી

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા શહેરમાં માર્ગ અને મકાન વિભાગમાં ફરજનિષ્ઠ એક અધિકારીએ વાંસના વેસ્ટનો ઉપયોગ કરી કોંક્રિટ રોડની આવરદા વધારવા માટે તૈયાર કરેલા સંશોધનપત્રની આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધ લેવામાં આવી છે. આગામી દિવસોમાં સાઉથ કોરિયાના જેજુ દ્વિપ ઉપર યોજનારી સિવિલ એન્જીનિયરિંગ કોન્ફરન્સ ઇન ધ એશિયન રિજિયનમાં સસ્ટેનબલ



ડેવલપમેન્ટ વિભાગમાં પ્રસ્તુત કરવા માટે સમગ્ર ભારતમાંથી આ એક માત્ર સંશોધનપત્રની પસંદગી થઇ છે.

માર્ગ અને મકાન વિભાગની વડોદરા શહેરની કચેરીમાં હાલમાં નાયબ કાર્યપાલક ઈજનેર સુશ્રી રાજેશ્વરી નાયર દ્વારા કોંક્રિટની ક્ષમતા વધારવા માટે રસપ્રદ સંશોધન કર્યું છે. જેમાં વાંસના કચરાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

નિર્માણ ઉદ્યોગમાંથી મોટા પ્રમાણમાં કાર્બન ઉત્સર્જન થાય છે, તેને ઘટાડવા માટે નવા સંશોધનો જરૂરી છે. આ સંશોધનમાં વાંસના રેષાનો કોંક્રિટમાં મજબૂતાઈ માટે ઉપયોગ કરવામાં આવ્યો છે. વાંસ એક ઝડપી વૃદ્ધિ પામતું વૃક્ષ છે. સંશોધન દર્શાવે છે કે બાંબૂ ફાયબર ઉમેરવાથી કોંક્રિટની રસ્તાઓમાં ક્રેક ઓછા પડે છે, ભારે ટ્રાફિકમાં જીવનકાળ વધે છે અને જાળવણી ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થાય છે

લાઈફ સાયકલ મૂલ્યાંકન મુજબ કાર્બન ઉત્સર્જન અને સંસાધનોનો ખર્ચ ઘટે છે. આ સાથે ખર્ચ-લાભ વિશ્લેષણ દર્શાવે છે કે બાંસ રેશા મજબૂત કોંક્રિટ પરંપરાગત પદ્ધતિ કરતાં વધુ વિકલ્પ બની શકે છે.

આ અભ્યાસ માર્ગ નિર્માણમાં પર્યાવરણમૈત્રી અને લાંબા ગાળાની ટકાઉ પદ્ધતિઓને આગળ ધપાવે છે અને હવામાન બદલાવ સામે લડવામાં મદદરૂપ થાય છે.

આ સંશોધન માત્ર વૈજ્ઞાનિક પ્રયોગ નથી, પરંતુ ભારત સહિત વિશ્વ માટે હરિયાળ અને ટકાઉ રસ્તાઓ તરફનું એક ક્રાંતિકારી પગલું છે. વાંસ આધારિત કોંક્રિટ માર્ગો ભવિષ્યમાં પર્યાવરણ અને વિકાસ બંને માટે શ્રેષ્ઠ ઉકેલ સાબિત થઈ શકે છે.

સિવિલ એન્જીનિયરિંગ કોન્ફરન્સ ઇન ધ એશિયન રિજિયનમાં ગુજરાતમાંથી એક માત્ર શ્રી નાયર એક માત્ર ઈજનેરના સંશોધન પત્રની પસંદગી થઇ છે. આ ઉપરાંત, આઈઆઈટીમાં અન્ય એક સંશોધનકર્તાની પસંદગી થઇ છે.


**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**પાણી અંગેની અગત્યની જાહેરાત**

આથી જાહેર જનતાને જણાવવાનું કે, વડોદરા શહેરમાં પાણીગેટ ટાંકી તથા ગાજરાવાડી ટાંકી ખાતેથી સવારના ૬:૦૦ થી ૮:૩૦ ના સમયગાળામાં પાણી મેળવતા વિસ્તારોમાં **તા.૦૫/૧૦/૨૫**ને રવિવારનાં રોજ **MGVCL**નું શટડાઉન હોઈ **તા.૦૫/૧૦/૨૫**નાં રોજ નીચે મુજબ પાણી વિતરણના સમયમાં ફેરફાર મુજબ પાણી વિતરણ કરવામાં આવશે.

**૧) સવારે ૫:૦૦ થી ૬:૦૦ સુધી**: શહેર વાડી વિસ્તાર, પાણીગેટ થી માંડવી વિસ્તાર, મેમણ કોલોની વિસ્તાર, આજવા રોડ મહાવીર ચાર રસ્તા સુધી, અમન સોસાયટી વિસ્તાર, પાણીગેટ ટાંકીની પાછળનો વિસ્તાર જેવા કે કોટયાર્ક નગર, ગોવિંદરાવ પાર્ક, બાવચાવાડ, જુની વોર્ડ ૯ ઓફિસ, વગેરે.

**૨) સવારે ૬:૦૦ થી ૭:૦૦ સુધી**: એમ.જી.રોડ થી પથ્થર ગેટ તરફનો વિસ્તાર, ઘડીયાળી પોળ, બરાનપુરા થી માર્કેટ ચાર રસ્તા સુધીનો વિસ્તાર

૩) કિશનવાડી ગધેડા માર્કેટ, નવજીવન, ગુ.હા.બોર્ડ, રાવપુરા વગેરે વિસ્તારમાં સવારે **MGVCL**નો સપ્લાય આવ્યા બાદ પાણી વિતરણ કરવામાં આવશે.

**MGVCL**નું શટડાઉન પૂર્ણ થયા બાદ પાણીગેટ ટાંકીથી સાંજના સમયના તમામ ઝોનમાં પાણી કાપથી તેમજ હળવા દબાણથી આપવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા તેમજ સહકાર આપવા વિનંતી છે.

**પી.આર.ઓ.નં.૬૮૭/૨૦૨૫-૨૬** **કાર્યપાલક ઇજનેર (પા.પુ.)**